# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: શીતલ વૈશ્નવ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૪-૦૯-૨૦૨૪ મંગળવાર સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## મહિલા સશક્તિકરણ-મુદ્રા લોન:

મહિલા ઉદ્યોગસાહસિકોના સશક્તિકરણ માટે મુદ્રા લોન મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે.

મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર સરકારે 4.3 લાખ સ્વસહાય જૂથો માટે 2500 કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ પણ બહાર પાડ્યું , જેનાથી 48 લાખ મહિલાઓને ફાયદો થયો. નારી શક્તિની ઉજવણી કરતા , 2.35 લાખ સ્વસહાય જૂથોના 26 લાખ સભ્યોને ટેકો આપવા માટે પાંચ હજાર કરોડ રૂપિયાની બેંક લોન બહાર પાડવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે , મોદી સરકાર તેના ત્રીજા કાર્યકાળના પહેલા 100 દિવસ દરમિયાન સરકારે મહિલા ખાસ કરીને ગ્રામીણ અને આર્થિક રીતે વંચિત મહિલાઓને સશક્તિકરણ કરવાના હેતુથી શ્રેણીબદ્ધ યોજનાઓ સાથે સરકારે મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો છે.

- (RNU અમદાવાદ)

---

## ૧૦૮ની વિક્રમજનક સેવાઓ:

રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવા એ તેની સ્થાપનાથી આ ઑગસ્ટ મહિના સુધીમાં વિક્રમજનક એક કરોડ 66 લાખથી વધુ કૉલ મેળવીને આકસ્મિક સેવા પૂરી પાડી છે. અને 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. પ્રસુતિ સંબંધિત 55 લાખ 39 હજારથી વધુ અને માર્ગ અકસ્માતના 20 લાખ 32 હજારથી વધુ કિસ્સામાં 108 એ સફળતાપૂર્વક સેવાઓ આપી હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળ્યું છે.

108 સેવાએ જેતે સ્થળ પર એમ્બુલન્સમાં અત્યાર સુધીમાં એક લાખ 49 હજારથી વધુ સફળ પ્રસુતિ પણ કરાવી છે. આ સેવા અંતર્ગત વર્ષ 2012થી કાર્યરત્ 414 જેટલી ખિલખિલાટ વાનનો 2 કરોડ 79 લાખથી વધુ નાગરિકે લાભ લીધો છે.

- (RNU અમદાવાદ)

---

## શિક્ષણ મંત્રી-શિષ્યવૃત્તિ:

બાળકોની શિષ્યવૃત્તિ મેળવવા ફરજિયાત રાશન કાર્ડ જોડાણ કરવા અંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું, ‘શિષ્યવૃતિની વ્યવસ્થામાં પારદર્શકતા લાવવા, રાશન કાર્ડ અને આધાર કાર્ડને જોડાણ માટે નિયમો બનાવ્યા છે. જે લાભાર્થી હકદાર છે તેમને જ શિષ્યવૃત્તિ મળે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમજ લાભાર્થીઓ ન હોય તેવા લોકોના ખાતાઓમાં પૈસા જમા થતા અટકાવવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપરાંત શિક્ષણ વિભાગમાં ભરતી અંગે શ્રી ડિંડોરે કહ્યું, ‘જ્ઞાનસહાયકની વ્યવસ્થા યથાવત્ જ રહેવાની છે. હાલમાં માગણીપત્રક પ્રમાણે ભરતી કરી રહ્યા છીએ.’

- (RNU અમદાવાદ)

---

## ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા-ફી વધારો:

રાજ્યના ગૃહ વિભાગ હસ્તકની ન્યારયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વિવિધ નમૂનાઓનું પૃથ્થકરણ તેમજ તાલીમ માટેની ફીમાં વધારો કરાયો છે. હવે દર 2 વર્ષે નમૂનાઓના પૃથ્થકરણ અને તાલીમ માટેની ફીમાં 10 ટકાનો વધારો કરાયો છે. આ નવા દર પહેલી સપ્ટેમ્બર 2024થી અમલી થયા હોવાનું ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ પ્રયોગશાળામાં હવે ટોક્સિકોલૉજી પરિક્ષણ માટે નમૂનાદીઠ 8 હજાર 51 રૂપિયા , નાગરિક પૂરવઠા સહિતના એટલે કે , ગૃહ વિભાગ હસ્તક સિવાયના તમામ સરકારી કે અર્ધસરકારી વિભાગો તરફથી આવતા નમૂનાઓની ચકાસણી બાબતે નમૂનાદીઠ ફીનો દર 8 હજાર 52 રૂપિયા રાખવામાં આવ્યો છે. જ્યારે નાર્કો એનાલિસિસ , બ્રેઈન ફિંગરપ્રિન્ટીંગના અગ્રિમતાના કેસની નમૂના દીઠ ફી એક લાખ 61 હજાર 51 રૂપિયા રહેશે. ઉપરાંત સરકાર પક્ષકાર ન હોય તેવી ખાનગી વ્યક્તિઓ કે આરોપીઓએ કેસની તપાસ માટે નમૂનાદીઠ 80 હજાર 525 રૂપિયા ચૂકવવા પડશે.

- (RNU અમદાવાદ)

---

## ડુંગળીના ભાવ:

જથ્થાબંધ બજારમાં ડુંગળીના ભાવ ઓછા થાય એ માટે સરકાર બજારમાં ડૂંગળીનો મોટો જથ્થો લાવી રહી છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ઉપભોક્તા બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું કે, બફર સ્ટૉકમાં ડૂંગળીનું પૂરતો પૂરવઠો છે અને ખરીફ ઋતુમાં ડૂંગળીનું વાવેતર પણ સારું થયું છે. તેમણે ટૂંક સમયમાં ડૂંગળીના ભાવ ઘટે તેવી આશા વ્યક્ત કરી.

તેમણે ઉમેર્યું કે સરકાર છૂટક બજારમાં 35 રૂપિયા કિલોના રાહતના દરે ડુંગળી ઉપલબ્ધ કરાવશે, અને આ અઠવાડિયાથી રાજ્યોમાં રાહત દરે ડુંગળીનું વેચાણ શરૂ થઈ જશે.

- (RNU અમદાવાદ)

---

## અબ્દુલ ગફુર ખત્રી - એવોર્ડ:

હસ્તકલા ક્ષેત્રે દુનિયાના દેશોમાં પ્રસિદ્ધિ મેળવી છેક અમેરિકાના વ્હાઇટહાઉસ સુધી પહોંચેલી કચ્છની રોગાનકલાને ક્ષેત્રે જાણીતા કારીગર પદ્મશ્રી વિજેતા અબ્દુલ ગફુર ખત્રીને ઇંગ્લેન્ડના ગ્લોબલ બૂક ઓફ એકસેલન્સનું બહુમાન પ્રશસ્તિ પત્ર , અંગવસ્ત્ર અને મેડલ અર્પણ કરાયાં હતા.

- (NP, શીતલ વૈષ્ણવ)

---

## હવામાન:

નૈઋત્યના ચોમાસાંએ કચ્છમાંથી સત્તાવાર વિદાય લીધાની જાહેરાત હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. કચ્છ ઉપરાંત પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારમાંથી પણ ચોમાસાંની વિદાયની ઘોષણા કરવામાં આવી છે. ચાલુ વર્ષે કચ્છમાં 183 ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

વરસાદની વિદાયની આગાહી વચ્ચે બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમની અસર તળે રાજ્યના અન્ય વિસ્તારોની સાથે કચ્છમાં પણ 27 થી 29 તારીખ દરમ્યાન હળવા-મધ્યમ વરસાદની શક્યતા પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

દરમિયાન, ગઈકાલે રાપરથી ૧૨ કિમી ના અંતરે 3.3 ની તીવ્રતાનું કંપન નોંધાયું હતું.

- (NP, શીતલ વૈષ્ણવ)

---